નડિયાદમાં ગંદા પાણીની ત્રસ્ત રહિશોએ 'કોર્પોરેશન હાય હાય, ગટરના ગંદા પાણીથી મુક્ત કરો'ના નારા લગાવ્યાં

# નડિયાદ શહેરના ચંદ્રમણી ભુવનમાં ગટરના ગંદા પાણી ઉભરાતાં રોષ

**લાંબા સમયથી** ઉભરાતા પાણીની લીલવળી જતા આવનજાવનમાં ભારે તકલીફ અને રોગચાળાની ભીતી





(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

નડિયાદમાં આશ્રમ રોડ પર છેલ્લા લાંબા સમયથી ગટરના ગંદા પાણી ઉભરાવવાની સમસ્યાથી સ્થાનિકો ત્રસ્ત બન્યા છે. અહીંયા ડીએસપી કચેરી અને આગળ જતી ડ્રેનેજની લાઈન ચોકઅપ થતાં ગટરના ગંદા પાણી બેક મારતા ચંદ્રમણી ભુવનમાં ખાબોચિયાંના ખાબોચિયાં ભરાય છે. જેના કારણે અહીંયા રહેતા 100 જેટલા પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

નડિયાદ શહેરમાં વોર્ડ નંબર 2મા આવેલ આશ્રમ રોડ પર ગટરના ગંદા પાણી રોડ ઉપર ઉભરાવાની સમસ્યા ઊભી થઈ છે. આગળ ડીએસપીએ કચેરી પાસેથી લાઈન ચોકઅપ થઈ ગઈ છે અને લાઈન પણ જુની છે જેના કારણે નિચાણવાળા વિસ્તાર એવા ચંદ્રમણી ભુવનમાં ગટરના ગંદા પાણી બેક મારી રહ્યા છે. જેના કારણે અહીંયા ગટરના ગંદા પાણીના ખાબોચિયાના ખાબોચિયાં ભરાયા છે. આ ચંદ્રમણી ભુવનમાં 22 બ્લોકમા અંદાજે 100 ઉપર મકાનો આવેલા છે. આવનજાવનના માર્ગ પર ગટરના ગંદા પાણી રેલાતા અને આગળ આવેલા ઘરના આંગણામાં જ રેલાતા અહીંયા રહેતા સ્થાનિકોની સ્પષ્ટ નારાજગી કોર્પોરેશન સામે છે. વારંવાર રજૂઆતો કરવા છતાં ટેમ્પરરી નિરાકરણ આવે છે અને કાયમી નિરાકરણ ન આવતા સ્થિતિ ઠેરની ઠેર રહી છે. આજે અહીંયા સ્થાનિકો એકઠા થયા હતા અને 'કોર્પોરેશન હાય હાય, ગટરના ગંદા પાણીથી મુક્ત કરો'ના નારા લગાવી રોષ વ્યક્ત કર્યો છે. અહીંયા રહેતા સ્થાનિકો અને ખાસ કરીને સિનિયર સિટીઝનો, અશક્ત મહિલાઓને ઘરની બહાર કામકાજ અર્થે નીકળવા માટે ગટરના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. લાંબા સમયથી આ સમસ્યા હોય હવે અહીં આગળ લીલ પણ વળી ગઈ છે જેના કારણે પડી જવાની ભીતિ પણ સેવાય રહી છે. તો બીજી તરફ સ્થાનિકોય આક્ષેપ કર્યો છે કે અહીંયા અમે રોગચાળો ફેલાય તેવી સ્થિતિમાં રહીએ છીએ. વહેલામાં વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે માંગ કરી છે.

આ બાબતે સ્થાનિક સરૈયા વ્રજે જણાવ્યું કે અહીંયા ગટર ઉભરાવવાની સમસ્યા ઘણી છે જેના કારણે બહાર નીકળવું ઘણું મુશ્કેલ બને છે અમારે મોટા ભાગે બહાર નીકળતી વખતે રૂમાલ અથવા તો માસ્ક નો સહારો લેવો પડે છે. વહેલામાં વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ આવે તેવી અમારી માગણી છે.

### પીવાલાયક પાણી ન આવતા જગ મંગાવવાની મજબૂરી

અહીંયા રહેતા સ્થાનિક રહીશ દિલીપ ભટ્ટે જણાવ્યું કે, પહેલા આ વિસ્તારમાં જૂજ મકાનો હતા પરંતુ અહીંયા હવે વસ્તી વધી છે જેની સામે ડ્રેનેજ લાઈન જૂની છે અને પાણીના નિકાલની વ્યવસ્થા થઈ શકતી નથી વારંવાર કોર્પોરેશનમાં રજૂઆત કરી છે ત્યારે તંત્ર દ્વારા જેટ મશીનથી પાણી ખેંચી લે છે જોકે એ બાદ સમસ્યા ઠેરની ઠેર રહે છે અહીંયા અમારે પાણી પણ ડહોળું આવે છે પીવા લાયક પાણી પણ નથી હોતું જગ મંગાવીને કામ ચલાવી રહ્યા છે આ ઉપરાંત ઝાડા ઉલટીના વાવર પણ ઘર દીઠ જોવા મળી રહ્યા છે.

## લુણાવાડામાં ચાર શખ્સે યુવકને મારમારતા ગંભીર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.25

બાલાસિનોરમાં રહેતા કમલેશ કાળાભાઈ ચૌહાણ 23મી એપ્રિલના રોજ ગામમાં લગ્ન પ્રસંગ નિમિત્તે ડીજેના પાછળના ભાગે ડાંસ કરતાં હતાં. તે વખતે અજય ચૌહાણનો હાથ ડીજે પર લગાડેલી લાઈટ પર અડી જતાં ઝઘડો થયો હતો. જોકે, મામલો ત્યાંજ ઠંડી ગયો હતો. પરંતુ જામાના મુવાડા ખાતે આવેલા પેટ્રોલ પમ્પ પર આવેલા ગલ્લા પર કમલેશ અને અજય ચૌહાણ ઉભો હતો તે સમયે સની અને અન્ય ત્રણ શખસ ધસી આવ્યાં હતાં. આ શખ્સોએ લોખંડનો સળીયો અજયને માથામાં મારતા ગંભીર ઈજા પહોંચી હતી.

## નડિયાદમાં ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



નડિયાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ નાગરીકોને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા. જિલ્લા પ્રમુખ અજય બ્રહ્મભટ્ટ અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ સહિતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં નડિયાદ સંતરામ મંદિર સર્કલ પાસે મીણબત્તી સળગાવી અને આ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. જ્યાં ભાજપ કાર્યકર્તાઓ દ્વારા પાકિસ્તાન હાય હાયના નારા લગાવાયા હતા.

# વીરપુર સ્થિત બેન્ક ઓફ બરોડાના કર્મીએ 42 લાખની છેતરપિંડી આચરી

**બેંકના** કેશિયરે સ્ટેમ્પનો દુરૂપયોગ કરી બોગસ એફડી બનાવી ખાતેદારોની આપી



(પ્રતિનિધિ) વીરપુર તા.25

વીરપુરની બેન્ક ઓફ બરોડાની શાખામાં કેશિયર દ્વારા આચરાયેલા કૌભાંડમાં આખરે બેન્કના અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ આપવામાં આવી છે. બેન્કના કર્મચારી વિવિધ ખાતેદારોના નાણા અંગત કામમાં વાપરી નાંખ્યાં હતાં. આ અંગે 42 લાખની છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

વીરપુર બેન્ક ઓફ બરોડાના કેશિયર દ્વારા કરાયેલી ઉચાપતનો આંકડો રૂ.42 લાખ જેવો થાય છે. આ અંગે બેન્કના મેનેજર વેદપ્રકાશ યાદવે ફરિયાદમાં જણાવ્યું હતું કે, બેન્કના કર્મચારી જયસુખરામ બાબુલાલ (રહે. ભેડ, તા. ખીમસર, રાજસ્થાન, હાલ. રહે. અંબીકા સોસાયટી, વીરપુર) ને કેશિયર તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. આ જયસુખે 15મી મે, 2019થી 19મી એપ્રિલ, 2025 દરમિયાન બેન્ક સાથે રૂ.42 લાખની છેતરપિંડી આચરી હતી. આ ગાળામાં તેણે ખાતેદારોના નાણા નહીં આપી બેન્કના સ્ટેમ્પનો ખોટી રીતે ઉપયોગ કરી બનાવટી એફડીઆર સર્ટીફિકેટ બનાવ્યાં હતાં. જે ગ્રાહકોને ઈશ્યુ કર્યાં હતાં. આ ઉપરાંત કેટલાક ખાતેદારોના ચેક જમા કરાવ્યાં હતાં. તેની બચત ખાતાના ચેકની રકમ ઉપાડી લઈ તેઓને ચુકવ્યા નહીં અને ગ્રાહકોના ડીપોઝીટ સ્લીપ મારફતે જમા કરાવવા આપેલા નાણા અલગ અલગ ખાતામાં જમા કર્યાં નહતાં. આમ કુલ 42 લાખની વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ અંગે વીરપુર પોલીસે જયસુખ રામ બાબુલાલ (રહે. મુળ, રાજસ્થાન) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નડિયાદના લાલ કોર્ટમાં ચોરી કરનાર ગઠિયો ઝડપાયો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

નડિયાદ શહેરના કપડવંજ રોડ સ્થિત ડિસ્ટ્રિક્ટ કોર્ટ કેમ્પસમાં થયેલી ચોરીના પ્રયાસના કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે. લાલ કોર્ટના રેકોર્ડ રૂમના તાળા તોડવાના બનાવ બાદ ત્રણ દિવસમાં જ પોલીસે આરોપીને પકડી પાડ્યો છે.

નડિયાદ પોલીસની તપાસમાં ખુલાસો થયો છે કે, જયેશ ઉર્ફે જયલો મનોજ તળપદા નડિયાદના જવાહરનગર ન્યુભારતનગર તોરણા વિસ્તારનો રહેવાસી છે. તેણે લાલ કોર્ટના રૂમની લોખંડની જાળીના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, રૂમમાં રાખવામાં આવેલા તમામ મહત્વપૂર્ણ દસ્તાવેજો અને રેકોર્ડ સુરક્ષિત મળી આવ્યા છે. નડિયાદ ટાઉન પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી આરોપીને શોધી કાઢ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ચોરીના ઈરાદે કોર્ટ બિલ્ડિંગમાં પ્રવેશ કર્યાની કબૂલાત કરી છે.

તિરુપતિ સોસાયટી સહિતની સોસાયટીઓમાં વીજ પ્રવાહ વધઘટની ફરિયાદો ઊઠી

# કપડવંજમાં વીજપ્રવાહની વધઘટથી વીજ ઉપકરણને ભારે નુકશાન થયું

**વીજ કંપનીમાં** લેખિત તથા મૌખિક રજૂઆત કરવા છતાં પરિણામ શુન્ય

(પ્રતિનિધિ) કપડવંજ તા.25

કપડવંજ શહેરના સોસાયટી વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે વીજ પ્રવાહની વધઘટથી રહિશો હેરાન પરેશાન થઈ ગયાં છે. એક તરફ અકળાવનારી ગરમી અને બીજી તરફ વીજ પ્રવાહની વધઘટથી ઉપકરણને થતાં નુકશાનથી ભારે રોષની લાગણી જન્મી છે.

કપડવંજ શહેરની તિરુપતિ સોસાયટી તથા આજુબાજુની સોસાયટીમાં છેલ્લા પંદરેક દિવસથી વીજ પુરવઠાની વધઘટ થઈ રહી છે. આ બાબતે રૂબરૂ, ફોનથી તથા મૌખિક વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ પરિણામ મળેલ ન હોવાથી 19મી એપ્રિલના રોજ લેખીતમાં ડેપ્યુટી ઈજનેરનેજાણ કરી હતી. તેમ છતાં કોઈજ યોગ્ય પગલાં ના ભરવાના કારણે 22મી અને 23મી એપ્રિલના રોજ રાત્રીના સમયે વીજ વાયર સળગી ગયો હતો. જેને કારણે વિવિધ સોસાયટીના રહીશોની ઉંઘ હરામ થઈ ગઈ હતી.અને વીજ વાયર સળગી ઊઠયો હોવાની જાણ વીજતંત્રને હોવા છતાં કોઈ જ નક્કર પરિણામ ના લાવતાં વીજ પુરવઠો વધઘટ થવાના કારણે તિરૂપતિ સોસાયટી સહિત આજુબાજુ સોસાયટીના સંખ્યાબંધ સોસાયટીમાં એ.સી.,ફ્રીજ,ટીવી જેવા ઉપકરણો નાશ પામ્યા છે. આ અંગેની લેખિત રજૂઆતો જે તે વીજ ગ્રાહકોએ વીજ કંપનીમાં આપતાં તેવું જાણવા મળ્યું કે આ અંગે કોઈ વળતર મળે તેમ નથી. તિરુપતિ સોસાયટીના રહીશોને વીજ કંપનીના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે ઉભી થઈ હતી.જેથી સોસાયટીના રહીશો તથા પ્રમુખ શૈલેષભાઈ પટેલે રજુઆત કરી છે.

## આણંદમાં કિશોરીએ જાતે સળગી જીવન ટુંકાવી દીધું

**મોગરીની** 13 વર્ષિય કિશોરી ઘરેથી નિકળ્યા બાદ તેનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદના ટીપી 8 વિસ્તારમાં માત્ર 13 વર્ષની કિશોરીનો સળગેલી હાલતમાં મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ હતી.

આણંદ શહેરના ટીપી 8 વિસ્તારમાં શુક્રવારના રોજ બપોરના સુમારે એક કિશોરીનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે શહેર પોલીસને જાણ કરતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં આ કિશોરી એક્ટિવા પર આવી હતી અને પોતાની જાતે પેટ્રોલ છાંટી આપઘાત કરી લીધો હોવાનું જણાયું હતું. આ અંગે પોલીસે તેની ઓળખવિધિ હાથ ધરતાં તે મોગરી ગામમાં રહેતા મયંક પટેલની દિકરી પ્રિયલ (ઉ.વ.13) હોવાનું ખુલ્યું હતું. અલબત્ત, ઘટના સ્થળે પહોંચેલા તેના પરિવારજનો પ્રિયલનો મૃતદેહ જોઈ ભાંગી પડ્યાં હતાં. આ અંગે આણંદ શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ જાણવા ચક્રોગતિમાન કર્યાં છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં સાઇ જ્યોતિષ જ્ઞાનપીઠ દ્વારા નિ:શુલ્ક જ્યોતિષ વર્ગોનો વાર્ષિકોત્સવ યોજાયો




**આણંદ |** આણંદના સાઇબાબા જનસેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા 15 વર્ષથી સાઇ જ્યોતિષ જ્ઞાનપીઠ દ્વારા નિ:શુલ્ક જ્યોતિષ શીખવવાના વર્ગો ચલાવવામાં આવી રહ્યાં છે. આ વર્ગોનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે મહેન્દ્રભાઈ પંડ્યા (પ્રમુખ, ગુજરાત એસ્ટ્રોલોજી સોસાયટી, અમદાવાદ) અને અતિથિ વિશેષ તરીકે શંકરભાઈ પટેલ (સંયોજક, સંતરામ જ્યોતિષ જ્ઞાનપીઠ - નડિયાદ) હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં વૈદિક જ્યોતિષનું જ્ઞાન સમાજને કેવી રીતે ઉપયોગી થઇ શકે ? તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં જ્યોતિષી ઉપેન્દ્રસિંહ ભદોરિયા (અમદાવાદ), હિમાંશુભાઈ પુરોહિત વિગેરે મહાનુભાવો હજાર રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ તાલુકાની ત્રણ શાળામાં દાતા દ્વારા ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું



**કપડવંજ |** કપડવંજ તાલુકાની મહંમદપુરા, ભગાજી અને પણિયારા સ્કૂલના 270 બાળકો માટે દાતા વિરાજ મુન્શા, અમદાવાદ દ્વારા ચોપડા આપવામાં આવ્યા હતા. વિરાજ મુન્શા દાનવીર તરીકે ઓળખાય છે. એમના પ્રયત્નોથી અંદાજે લગભગ 20 હજાર ચોપડાનું જરૂરિયાતમંદ બાળકો માટે વિતરણ કરતા હોય છે. કપડવંજ તાલુકાના બાળકો માટે સીધો ફાયદો મળે છે. કપડવંજ તાલુકામાં સમગ્ર આયોજન કુલદીપસિંહ દ્વારા કરવામાં આવે છે. આચાર્ય મિનેષ પ્રજાપતિ દ્વારા બાળકોને ચોપડા વિતરણ કરી દાતાનો આભાર માન્યો હતો.

### કપડવંજના તોરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવ્યો




**કપડવંજ |** કપડવંજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - તોરણા દ્વારા વિશ્વ મેલેરીયા દિવસ અંતર્ગત જીલ્લા આરોગ્ય અધિકારી ડો.વી.એ. ધ્રુવે, ઇનચાર્જ જીલ્લા મેલેરિયા અધિકારી ડો.ધુમિલ પરીખ, કપડવંજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંકુર પટેલ અને આયુષ મેડિકલ ઓફિસર ડો. દર્શનાબહેનના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફ અને આશા દ્વારા તોરણાની કુમાર શાળા અને ગામમાં વિશ્વ મેલેરીયા દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રેલી તેમજ પોરાનાશક અને સર્વેલન્સ કામગીરી કરી લોકોને મેલેરીયા વિશે સમજ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમની ઉજવણી પ્રસંગે તોરણા કુમાર પ્રાથમિક શાળા આચાર્ય, શાળાના બાળકો, શાળા પરિવાર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર તેમજ તમામ હેલ્થ સ્ટાફ હાજર રહ્યાં હતાં.

### નડિયાદના સંતરામ મંદિર ખાતે રામદાસજી મહારાજનો જન્મદિવસ ઉજવાયો



**નડિયાદ |** સંતરામ મંદિરના મહંત રામદાસજી મહારાજના જન્મ દિવસ નિમિત્તે દિવસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહી હતી. આ સમગ્ર દિવસ દરમિયાન ભક્તો સંતરામ મહારાજની સમાધિ અને અખંડ જ્યોતના દર્શન કરી મહારાજના આશીર્વાદ મેળવ્યાં હતાં. આ પ્રસંગે સુંદરકાંડના પાઠ બાદ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર મંદિર પરિસર જય મહારાજના નાદથી ગુંજી ઉઠ્યું હતું. તે પૂર્વે રામદાસજી મહારાજ તથા ઉપસ્થિત સૌ ભક્તો, સ્વયંસેવકોએ કાશ્મીરના પહલગાંવમાં થયેલા આતંકી હુમલામાં માર્યા ગયેલા મૃતકો માટે બે મિનિટ નુ મૌન પાડી આપી શ્રદ્ધાંજલિ આપી હતી.

### ખેડા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હજયાત્રી માટે વેક્સિનેશનની કામગીરી હાથ ધરાઈ



**નડિયાદ |** ખેડા જિલ્લામાં સિવિલ હોસ્પિટલના સહયોગથી અંદાજીત 319 હજયાત્રીના વેક્સિનેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. 29મી એપ્રિલ 2025થી શરૂ થનારા હજયાત્રા 15મી જુલાઈ 2025ના રોજ પૂર્ણ થશે. આ હજયાત્રીઓની સ્વાસ્થ્ય માટે મેનીન્જાઇટીસ અને ઓરલ પોલીયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. 60 વર્ષથી વધુ વયજૂથ ધરાવતા યાત્રીઓને આ ઉપરાંત વધુ એક ઈનફ્લુઈન્ઝાની રસી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.વી.એ.ધ્રુવે, આર.સી.એચ. અધિકારી ડો.એ.એ.પઠાન ઉપસ્થિત રહ્યા હતા.

### નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળાના ધો.5ના વિદ્યાર્થીનો વિદાય સમારોહ યોજાયો



**નડિયાદ |** તાલુકાના હઠીપુરા પ્રાથમિક શાળાના ધો.5ના બાળકોનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. બાળકોના 5 વર્ષના સંસ્મરણોને વાગોળતા આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ 5ના બાળકો દ્વારા શાળામાં યાદગીરી રૂપે એક પ્લાસ્ટિકની ખૂરશી આપવામાં આવી તેમજ શાળા પરિવાર દ્વારા બાળકોને પરીક્ષાલક્ષી ઉપયોગી પેપર હોલ્ડર આપવામાં આવ્યા હતાં. તેઓ ખૂબ ભણે અને આગળ વધે અને ભવિષ્યમા સારા નાગરિક બને તેવી શુભેચ્છા સાથે આશીર્વાદ આપવામાં આવ્યાં હતાં. મધ્યાન ભોજન સંચાલક મીનાબેન વિજયભાઈ ગોહેલ તરફથી સૌ બાળકોને પફ આપવામાં આવ્યા હતાં. જ્યારે શાળા પરિવાર દ્વારા બાળકો તેમજ મીનાબેન ગોહેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સંતરામપુરના એસએમવીએસ હરિમંદિરમાં વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરાઇ



**સંતરામપુર |** સંતરામપુરમાં આવેલા એસએમવીએસ હરીમંદિરમાં ઘનશ્યામ મહારાજ તથા તેમનાં સંકલ્પ સ્વરુપોને બિરાજમાન કરે 13 વર્ષ પુર્ણ કર્યાં છે. જે નિમિત્તે નિમિત્તે વાર્ષિક પાટોત્સવની ઉજવણી સંસ્થાનાં પ્રભારી સંત નિર્ગુણ સ્વામીનાં સાનિધ્યમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે સાધુ નિર્મળજીવનદાસ, સાધુ સંતોષપ્રિયદાસજી દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રભારી સંત નિર્ગુણસ્વામીએ સ્વામિનારાયણ ભગવાનની સિદ્ધિઓ દષ્ટાંત સહિત વર્ણવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.